દાખલ તારીખ ઃ– ૨૮/૦૨/૨૦૨૬
નોંધ્યા તારીખ ઃ– ૨૮/૦૨/૨૦૨૬
**ફેંસલ તારીખ ઃ– ૧૩/૦૩/૨૦૨૬**
સમયગાળો ઃ–વર્ષ – માસ –દિવસ
૦૦ – ૦૦ – ૧૩

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

**પાટણના મે. સેશન્સ જજ સાહેબની કોર્ટ, મુ. પાટણ.**

**( પી.એચ.શેઠ, સેશન્સ જજ, પાટણ. )**

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

**ક્રિમીનલ રીવીઝન અરજ નંબરઃ– ૧૮/૨૦૨૬.**

**આંક ઃ– ૦૬.**

***અરજદાર*** ઃ– વ્યાસ પ્રણવકુમાર કનુભાઈ.
(મુળ અરજદાર) ઉ. વ. આ. – ૨૫, ધંધો – મજુરી.
રહે. પોપટ વાસ, મુ. ચંદ્રુમાણા,
તા. જી. પાટણ.

**વિરૂદ્ધ**

***સામાવાળા*** ઃ– ધી સ્ટેટ ઓફ ગુજરાત.
(મુળ સામાવાળા)

**બાબત ઃ–** ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૪૩૮ મુજબ મુદ્દામાલ પરત મેળવવા અરજ.

*********************************************

// અરજદાર/મુળ અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી એમ.બી.જોષી //

// સામાવાળા/શ્રી સરકાર તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી આર.પી.રાવલ //

*********************************************

## // જજમેન્ટ //

(૦૧) હાલની રીવીઝન અરજી અરજદાર વ્યાસ પ્રણવકુમાર કનુભાઈનાઓએ સામાવાળા વિરૂદ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૪૩૮ મુજબ પાટણના વિ. એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીનાએ પાટણ સીટી " બી " ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૨૦૨૬૦૦૨૩/૨૦૨૬ ના કામે મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત કરેલ હુકમથી નારાજ થઈ દાખલ કરેલ છે. જેની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

(૧.૧) આ કામના અરજદારના લેખીત કથન અનુસાર અરજદારના કબજા ભોગવટાનું વાહન હોન્ડા કંપનીનું એક્ટીવા જેનો રજી. નં. જીજે–૨૪/બીબી–૭૬૫૩ છે. સદર વાહન તેઓએ પાટણ મુકામેથી હોન્ડા કંપનીના શોરૂમ ખાતેથી ખરીદ કરેલ છે. આ કામના અરજદારનું સદર વાહન પોલીસે ગઈ તા.૧૦/૦૧/૨૦૨૬ ના રોજ પાટણ સીટી " બી " ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૨૦૨૬૦૦૨૩/૨૦૨૬, પ્રોહીબીશન એક્ટની કલમ – ૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબના કામે કબજે કરવામાં આવેલ છે. આ કામના અરજદારે સદર મુદ્દામાલ મેળવવા પાટણ કોર્ટમાં અરજી કરેલ જે અરજી નામ. કોર્ટ દ્વારા તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ નામંજુર કરેલ. જે હુકમથી નારાજ થઈ હાલની રીવીઝન અરજ દાખલ કરેલ.

(૧.૨) વધુમાં અરજદારના જણાવ્યા મુજબ અરજદારની અરજી નામંજુર કરવાનો કરેલ હુકમ ખોટો અને ગેરકાયદેસરનો હોવાથી રદ થવાને પાત્ર છે. નીચેની કોર્ટે કરેલ હુકમ કાયદા અને સિદ્ધાંતો વિરૂદ્ધનો હોઈ નીચેની કોર્ટનો હુકમ રદ થવાને પાત્ર છે. નીચેની કોર્ટે કરેલ હુકમ પોતાની સમક્ષ પડતર પુરાવાઓ ઉપર આધાર રાખવામાં છે, પરંતુ પોતાની સમક્ષ રજુ થયેલ હકીકતો ઉપર સ્વતંત્ર માઈન્ડ એપ્લાય કરવામાં આવેલ નથી જેથી નીચેની કોર્ટનો હુકમ ખોટો છે. નીચેની કોર્ટનો હુકમ એકતરફી અને મનસ્વી રીતે કરવામાં આવેલ છે તેથી નીચેની કોર્ટનો હુકમ રદ થવાને પાત્ર છે. નીચેની કોર્ટે મુદ્દામાલ કલમ – ૯૮(૨) ની જોગવાઈ અનુસાર સરકાર થવાને

પાત્ર થશે તે તરફ ધ્યાન દોરેલ છે. નીચેની કોર્ટે પોતાની સમક્ષ રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવ્યા સિવાય નામંજુર કરવાનો કરેલ હુકમ રદ થવાને પાત્ર છે. જેથી નીચેની કોર્ટનો તેઓની મુદ્ધામાલ પરત મેળવવાની અરજી નામંજુર કરતો હુકમ રદ કરી, તેઓની હાલની રીવીઝન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૦૨) હાલની રીવીઝન અરજી રજુ થતા આ કામના સામાવાળાને નોટીસ કરવામાં આવેલ, જે બજી ગયા બાદ સામાવાળા/સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી જે.જે.બારોટ હાજર થયેલ છે અને તેઓએ આંક – ૪ થી હાજર પુરસીસ રજુ કરેલ છે.

(૦૩) સદર કામે અરજદાર તરફે વિદ્ધાન વકીલ શ્રી એમ.બી.જોષીને સાંભળ્યા. જ્યારે આ કામે સામાવાળા/શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી આર.પી.રાવલને સાંભળ્યા.

(૦૪) આ કામે અરજદાર તરફે વિ. વકીલશ્રીની રજુઆત એવી છે કે, આ કામના અરજદાર સદર મુદ્ધામાલની કબજે લેવાયેલ મોટર સાયકલના રજીસ્ટર્ડ માલિક હોવા છતાં તેમજ અન્ય કોઈ દ્ધારા સદર મુદ્ધામાલના વાહનનો કલેઈમ કરવામાં આવેલ ન હોવા છતાં નીચેની કોર્ટે પુરાવા ધ્યાનમાં લીધા સિવાય હુકમ કરેલ છે. સદર વાહન તેઓને પરત ન સોંપવામાં આવે તો તેઓને અવરજવર કરવામાં તકલીફ પડે તેમ છે. સદરહું મુદ્ધામાલ પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેના સ્પેરપાર્ટસ વિગેરેને નુકશાન થાય તેમ છે. નીચેની કોર્ટે પડેલ પુરાવાનું ખોટું અર્થઘટન કરી હુકમ કરેલ હોઈ, નીચેની કોર્ટનો હુકમ રદ કરવાને પાત્ર છે. આ કામના અરજદાર કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરશે. જેથી અરજદારની રીવીઝન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૦૫) આ કામે સામાવાળા/સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રીની

રજુઆત એવી છે કે, સદર મુદ્દામાલના વાહનનો પ્રોહીબીશન એક્ટની કલમ – ૬૫(એ) મુજબના ગુનામાં ઉપયોગ થયેલ છે. સદર વાહનમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવેલ છે. સદર કામે મુદ્દામાલના વાહનમાંથી વીસ લીટર કરતા વધુ પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવેલ છે. જેથી નીચેની કોર્ટે વિવેકબુદ્ધિની સત્તા વાપરી યોગ્ય હુકમ કરેલ છે. નીચેની કોર્ટે તેઓની સમક્ષ પડેલ પુરાવાનું યોગ્ય રીતે અર્થઘટન કરી હુકમ કરેલ છે. આ સંજોગોમાં નીચેની કોર્ટનો હુકમ કાયદેસર, યોગ્ય અને કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબનો હોઈ, તેમાં કોઈ ફેરફાર કરવો જોઈએ નહીં અને તેમ જણાવી અરજદારની હાલની રીવીઝન અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે.

(૦૬) ઉપરોક્ત હકીકત તથા સંજોગો નજર સમક્ષ રાખતા રીવીઝન અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, વિદ્વાન ટ્રાયલ કોર્ટનો પાટણ સીટી " બી " ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૨૦૨૬૦૦૨૩/૨૦૨૬ ના કામે મુદ્દામાલ પરત મેળવવાની અરજદારની અરજી નીચે તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત વિરૂદ્ધનો હોઈ તેમાં હસ્તક્ષેપ કરવાને પાત્ર છે?

(૨) શું આખરી હુકમ ?

(૦૭) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## // કા ર ણો //

**// મુદ્દા નં. ૧ તથા ૨ //**

(૦૮) ઉપરોક્ત હકીકત તથા સંજોગો નજર સમક્ષ રાખતા તથા વિ.

ટ્રાયલ કોર્ટનો હુકમ વંચાણે લેતા આ કામના અરજદારે સદર ગુનાના કામે પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલ હોન્ડા કંપનીનું એક્ટીવા જેનો રજી. નં. જીજે–૨૪/બીબી–૭૬૫૩ પરત મેળવવા પાટણ કોર્ટમાં અરજી કરેલ હતી. સદર મુદ્દામાલ વાહન પરત મેળવવાની અરજીના કામે ટ્રાયલ કોર્ટે પ્રોહી. એક્ટની કલમ – ૯૮(૨) ની જોગવાઈ ધ્યાને લઈ તેમજ સદર મુદ્દામાલના વાહનમાંથી વીસ લીટર કરતા વધુ પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવેલ હોઈ સદર અરજી નામંજુર કરવાનો હુકમ કરેલ.

(૮.૧) આ કામે ફરીયાદની હકીકત ધ્યાને લેતા હોન્ડા કંપનીનું એક્ટીવા જેનો રજી. નં. જીજે–૨૪/બીબી–૭૬૫૩ માં ભારતીય બનાવટની બિયર ટીન નંગ – ૪૮ મળી કુલ કિંમત ₹.૫,૫૬૮/– નો મુદ્દામાલનો જથ્થો મળી આવેલ છે. આ કામે અરજદાર દ્વારા નીચેની કોર્ટ સમક્ષ સદર એક્ટીવા પરત મેળવવાની માંગણી કરવામાં આવેલ હતી.

(૮.૨) સદર કામે નીચેની કોર્ટનો ચુકાદો તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા સદર એક્ટીવા અરજદારની માલિકીનું હોવાનું જણાઈ આવે છે. વધુમાં આંક – ૫ ની પુરસીસ સાથે રજુ થયેલ વિમા પોલીસી ધ્યાને લેતા સદર વાહન બનાવ સમયે વિમીત હોવાનું જણાઈ આવે છે. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય સદર કામે રજુ થયેલ છે જે ધ્યાને લેતા સદર વાહન દારૂની હેરાફેરીમાં વપરાયેલ હોઈ ફરીથી તેનો ઉપયોગ થવાની શક્યતા રહેલ હોઈ પરત ન સોંપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જોકે નીચેની કોર્ટનો હુકમ તેમજ અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા સદર મુદ્દામાલના વાહનમાંથી વિદેશી દારૂ મળી આવેલ છે. આ કામે અરજદારની માલિકીના સદર મુદ્દામાલના એક્ટીવામાંથી ૨૦ લીટર ઉપરાંતનો વિદેશી દારૂ મળી આવેલ હોવાનો કેસ છે. આ કામમાં ટ્રાયલ કોર્ટ દ્વારા અરજદારને મુદ્દામાલનું વાહન પરત નહીં આપવા માટે કરેલ હુકમને ધ્યાને લેતા હાલનું મુદ્દામાલનું વાહન ધી પ્રોહીબીશન એક્ટની કલમ – ૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબના ગુનાના કામે પોલીસ દ્વારા કબજે લેવામાં આવેલ છે. જ્યારે મુદ્દામાલ પરત આપવા બાબતેનો નિર્ણય કરવાનો છે, ત્યારે આ કેસમાં ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની જોગવાઈ તથા તે

સંબંધે થયેલ નિયમો નીચેની કોર્ટે ધ્યાને લીધેલ છે. સદર કાયદાની કલમ – ૯૮(૨) ની જોગવાઈ અનુસાર જ્યારે જપ્ત થયેલ વાહન સરકાર ખાતે ખાલસા થવા પાત્ર હોય તેમજ આવો મુદ્દામાલ ૨૦(વીસ) લીટર કરતા વધારે જથ્થાના આધાર સાથે પકડાયેલ હોય ત્યારે ગુજરાત નશાબંધી(દારૂના નમુના અને જપ્ત કરેલ દારૂના જથ્થા નક્કી કરવા બાબત) નિયમો – ૨૦૧૨ તથા તે સંબંધેના નિયમ – ૯ અન્વયે આવો મુદ્દામાલ ટ્રાયલ કોર્ટ પરત આપવાનો હુકમ કરી શકે નહીં. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની સ્પે. ક્રિમીનલ એપ્લીકેશન(પઝેશન ઓફ મુદ્દામાલ) નં. ૮૫૨૧/૨૦૧૭, પરેશકુમાર જયકરભાઈ બ્રહ્મભટ્ટ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત અનુસાર આવો મુદ્દામાલ ટ્રાયલ કોર્ટ પરત આપી શકે નહીં. આમ, ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેતા સદર કેસમાં નીચેની કોર્ટે મુદ્દામાલ પરત નહીં આપવાનો જે હુકમ કરેલ છે તે યોગ્ય હોવાનું જણાઈ આવે છે. જેથી સદર કામે નીચેની અદાલતે કાયદાની જોગવાઈ અને પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લઈ મુદ્દામાલ અરજીનો જે ન્યાય, નિર્ણય કર્યો છે તેમાં કોઈ કાયદાકીય ભુલ, ગેરકાયદેસરતા કે અનિયમીતતા જણાતી નથી.

(૦૯) જેથી આ કામે નીચેની કોર્ટે યોગ્ય રીતે તેઓની સમક્ષના તમામ દસ્તાવેજ વંચાણે લીધા છે અને તેને ધ્યાનમાં રાખીને ઓર્ડર કરેલો છે. આ સંજોગોમાં જ્યારે નીચેની કોર્ટે કોઈ કાયદાના અર્થઘટનમાં ભુલ કરેલ ના હોય ત્યારે અને રેકર્ડ ઉપર તકરારી હુકમમાં હસ્તક્ષેપ કરી શકાય તેવા કોઈ કારણો નથી અને ટ્રાયલ કોર્ટે યોગ્ય રીતે પોતાની વિવેકબુદ્ધિની સત્તા વાપરી છે ત્યારે સદર તકરારી હુકમમાં હસ્તક્ષેપ કરવા માટે વ્યાજબી કારણો જણાઈ આવતા નથી અને નીચેની કોર્ટનો હુકમ ગેરકાયદેસર, અનિયમીત અને અયોગ્ય હોવાનું જણાઈ આવતું નથી અને વિવેકબુદ્ધિની સત્તા વાપરીને કરવામાં આવેલ છે. આ સંજોગોમાં આ રીવીઝન અરજીના નિર્ણય અને નિકાલ માટે ઉપસ્થિત થયેલ મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// હુ ક મ //

(૧) આ કામે અરજદારની ક્રિમીનલ રીવીઝન અરજ નં. ૧૮/૨૦૨૬ આથી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) પાટણના વિ. એડી ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ પાટણ સીટી " બી " ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૨૦૨૬૦૦૨૩/૨૦૨૬, પ્રોહીબીશન એક્ટની કલમ – ૬૫(એ)(એ), ૧૧૬(બી) ના કામે મુદ્દામાલનું હોન્ડા કંપનીનું એક્ટીવા જેનો રજી. નં. જીજે–૨૪/બીબી–૭૬૫૩ પરત મેળવવાની અરજી નીચે તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ યથાર્થ ઠરાવી કાયમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) આ હુકમની એક નકલ ટ્રાયલ કોર્ટને મોકલી આપવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૩/૨૦૨૬.

પાટણ.

**( પ્રશાંતકુમાર એચ. શેઠ )**
સેશન્સ જજ,
પાટણ.
**( Judge U.I.Code No. GJ** 00524 )

( BKP )